# દિવ્ય યુગ નવ ઉદય પામે છે...

દિવ્ય યુગ નવ ઉદય પામે છે...

દૂર થઈ જાશે તિમિર આ બહુ હવે ના વાર છે
ઊગશે પરભાત રૂડું નવલ રૂપ ધરી આવશે

આવશે આરૂઢ થઈ કિરણો પર એ સૂરજ તણાં
ભેદશે એ ઘોર અંધારાં ભીતરનાં તમ તણાં
દિવ્ય યુગ નવ ઉદય પામે છે...

જીવ-પ્રાણી-માત્ર સર્વે છે પ્રભુનાં સર્જનો
વૃક્ષ, વન ને પંચ તત્ત્વો સહુ મનુજ હરિનાં જનો

વાસ છે સહુમાં પ્રભુના રૂપ છે સહુ બ્રહ્મનાં
દિવ્ય દૃષ્ટિ કેળવી જીવશું હવે આ જ્ઞાનમાં
દિવ્ય યુગ નવ ઉદય પામે છે...

પ્રેમ કરુણા સંપ સુહૃદભાવ પાકી એકતા
ઘર-પરિવારોમાં ભક્તિ હો સદા સંવાદિતા

દિવ્ય પ્રભુના દિવ્ય સહુ છે પ્રગતિના એ પંથમાં
બ્રહ્મની મૂર્તિ સહુ એ સમજશું વ્યવહારમાં
દિવ્ય યુગ નવ ઉદય પામે છે...

આજ છે સાકાર ભગવન્ આ રહ્યા સાહેબમાં
છે ગુણાતીત સંત આ ભગવાં હૃદયના ભેખમાં

હું છું અક્ષર મંત્ર મારો દાસ છું સાહેબનો
બ્રહ્મરૂપ થઈ સેવવા પરબ્રહ્મને એ વાતનો
દિવ્ય યુગ નવ ઉદય પામે છે....